**GREENLAWNS HIGH SCHOOL**

**For the Terminal Examination Year 2025** **Sub: Gujarati 2 Lang**

**Time: 3 Hours** **Class: IX** **Date:** **Full Marks: 80**

**SECTION A (40 Marks)**


*(Attempt **all** questions from this **Section**)*

Question 1

Write a short composition in Gujarati of approximately 250 words on any one of the following topics.

પ્રશ્ન 1. નીચે ના વિષયોમાંથી કોઈ પણ એક વિષય પર ૨૫૦ શબ્દોમાં ગુજરાતી નિબંધ લખો. (15)

૧. રાષ્ટ્રીય તહેવારો નું જીવન માં મહત્વ.
૨. મનુષ્યો દ્વારા પ્રકૃતિ નું નુકસાન. તેના દ્વારા પૃથ્વી ના બીજા જીવો ને મનુષ્ય કઈ રીતે હાનિ પહોંચાડે છે.
૩. સમય નો સદઉપયોગ.
૪. 'સંપ ત્યાં જંપ' કહેવત ને ધ્યાન માં રાખી એક વાર્તા કે કોઈ પ્રસંગ લખો.
૫.. નીચે આપેલું ચિત્ર જોઈ તમારા મન માં ઉઠતા ભાવો ને વાચા આપતો નિબંધ કે વાર્તા લખો.



Question 2

Write a letter in Gujarati in approximately 120 words on any one of the topics given below.

પ્રશ્ન 2. નીચે આપેલા કોઈ પણ એક વિષય પર લગભગ 120 શબ્દ માં ગુજરાતી માં પત્ર લખો. (7)

૧. 'સુંદર અક્ષર હાથ નું ઘરેણું છે' સારા અક્ષર નું મહત્વ તે સુધારવા તમે કયા પ્રયત્ન કરો છો તે જણાવતો પત્ર તમારી મમ્મી ને લખો.
૨. તમારા વિસ્તાર માં ફેલાયેલી ગંદકી દૂર કરવા મહાનગરપાલિકા ને પત્ર લખો.

Question 3

Read the passage below and answer in Gujarati the questions that follow using your own words.

નીચેનો પરિચ્છેદ વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો. (10)

અનિલ એક સામાન્ય કોલેજનો વિદ્યાર્થી હતો, પરંતુ તેના સપના મોટા હતા. તે હંમેશા કહેતો, "હું જીવનમાં કંઈક એવું કરીશ જેનાથી લોકો મને માત્ર ઓળખે નહીં, પણ યાદ પણ રાખે." એક દિવસ શહેરમાં ભારે વરસાદ આવ્યો. રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા, અને લોકો પોતાના ઘરોમાં અટવાઈ ગયા. અનિલ પણ બસસ્ટેન્ડ પર અટવાઈ ગયો.

એ સમયે તેણે જોયું કે નજીકની ઝૂંપડપટ્ટીમાં પાણી ઘુસી રહ્યું હતું અને ઘણા લોકો બહાર આવવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા. પળવાર માટે તેણે વિચાર્યું કે પોતે સલામત જગ્યાએ ચાલી જાય, પરંતુ મનમાં એક અવાજ આવ્યો — *"જો તું પણ પીઠ ફેરવી લેશે, તો તારા સપના માત્ર શબ્દો બની રહેશે."* તે તરત જ મદદ માટે દોડી ગયો. પોતાના મિત્રોની સાથે તેણે લોકોને સુરક્ષિત જગ્યાએ પહોંચાડ્યા, બાળકોને કાંધ પર બેસાડ્યા અને વૃદ્ધોને હાથ પકડીને લઈ ગયો.

બે દિવસ બાદ શહેરમાં આ ઘટનાની ચર્ચા હતી, પણ અનિલને કોઈ પુરસ્કાર કે સન્માનની અપેક્ષા ન હતી. તે માત્ર એટલું જ જાણતો હતો કે, જીવનમાં સ્મરણિય બનવું ઈચ્છો તો મુશ્કેલીના સમયમાં આગળ વધવું પડે. તે રાત્રે તેણે પોતાની ડાયરીમાં લખ્યું — "સપના પૂરા થાય ત્યારે નહીં, પરંતુ જ્યારે તમે બીજાના જીવનમાં ફેરફાર લાવો ત્યારે જ તમે સાચા અર્થમાં જીવો છો."

પ્રશ્નો:

૧. અનિલના સપના વિશે શું ખાસ હતું? (2)

૨. વરસાદ વખતે અનિલ કઈ મુશ્કેલીમાં ફસાયો હતો? (2)

૩. અનિલે ઝૂંપડપટ્ટીના લોકોને મદદ કરવા શું કર્યું? (2)

૪. અનિલને આ ઘટનાથી શું સમજાયું? (2)

૫. વાર્તાને યોગ્ય શીર્ષક આપો. આ વાર્તા વાંચી તમારા મનમાં આવતા વિચારો બે થી ત્રણ વાક્યોમાં જણાવો. (2)

Question 4

Answer the following questions according to the instructions given below.

નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર સૂચના પ્રમાણે લખો.

પ્રશ્ન ૧. આપેલા રૂઢિપ્રયોગ નો યોગ્ય અર્થ લખો. (1)

કળથી થાય એ બળથી ન થાય

a. બળ કરતાં બુધ્ધિ ચડે

b. બળવાન વધુ લાભ મેળવે

c. બુધ્ધિ નું દેવાળું કરવું

d. બાર વગાડવા

પ્રશ્ન ૨. નીચે આપેલા વાક્ય માં યોગ્ય વિરોધી લખો. (1)

રમેશ હંમેશા અન્ન નું આદર કરે છે. ક્યારે પણ _________ કરતો નથી.

a. દરકાર

b. અપમાન

c. એનાદર

d. આવકાર

પ્રશ્ન ૩. નીચે આપેલા વાક્ય માં વિરુદ્ધ જાતિ લખો. (1)

યુવક, માતા પિતાને ખૂબ પ્રેમ કરે છે.

a. યુવિકા

b. યુવાતિ

c. યુવતી

d. યુવકી

પ્રશ્ન ૪. જરા' માટે દ્વિઅર્થી શબ્દ લખો. (1)

a. લગીર, ઘડપણ

b. વધારે, જરી

c. વાર, થોડું

d. નાનું, ઝરા

પ્રશ્ન ૫. સાચી જોડણી પસંદ કરી લખો. (1)

a. વિરોધ

b. રીવાજ

c. મજુર

d. વીમાન

પ્રશ્ન ૬. ભૂતકાળ વાળું વાક્ય બનાવો. (1)

રીમા નાટક જોવા જાય છે

a. રીમા નાટક જોવા જવાની છે.

b. રીમા નાટક જોવા જાય છે?

c. રીમા નાટક જોવા જઈ રહી છે.

d. રીમા નાટક જોવા ગઈ હતી.

પ્રશ્ન ૭. વ્યક્તિવાચક નામ નો ગુચ્છો બનાવો. (1)

a. ચાંદી, પ્રેમ, રાજકોટ, પર્વત

b. હિમાલય, ગંગા, રાજકોટ, સેવા

c. યમુના, ગોદાવરી, ભાવનગર, ભારત

d. ગિરનાર, જંગલ, હિમાલય, માનવતા

પ્રશ્ન ૮. શબ્દસમૂહ બદલે એક શબ્દ લખો (1)

માણસ નું બાળક

a. ભૂલકું

b. ભૂંડકું

c. ભટુરિયું

d. ભટોળિયું

**SECTION B (40 Marks)**

સાહિત્ય ગુર્જરી (કવિતાઓ)

SAHITYA GURJARI (POEMS)

Question 5

Read the extract given below and answer in Gujarati the questions that follow

પ્રશ્ન 5. નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નનોના ગુજરાતીમાં જવાબ લખો.

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ–કાછ–મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે

વૈષ્ણવજન – નરસિંહ મહેતા

Vaishnavjan – Narsingh Mehta

(1) કાવ્ય નો પ્રકાર લખો. આ ભજન કોને બહુ પ્રિય છે? (2)

(2) સાચો વૈષ્ણવ ક્યારે અભિમાન કરતો નથી? (2)

(3) સાચા સંત ના લક્ષણો કાવ્ય ના આધારે જણાવો. (3)

(4) તમારા જીવન માં તમે કયા દુર્ગુણો થી દૂર રહેશો? શા માટે? તે માટે તમે શું પ્રયત્ન કરશો? (3)

Question 6

Read the extract given below and answer in Gujrarti, the questions that follow.

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

લોચન–મનનો રે કે ઝઘડો લોચનમનનો!
રસિયા તે જનનો રે કે ઝઘડો લોચનમનનો!

ઝઘડો લોચનમનનો - દયારામ પ્રભુરામ ભટ્ટ
Zaghdo Lochan Manno – Dayaram Prabhuram Bhatt

(1) લોચન અને મન વચ્ચે ઝઘડો કઈ બાબતે થયો? (2)
(2) કવિ નો યુગ લખો. કાવ્ય ની વિશેષતા લખો. (2)
(3) મન પોતાને કેવું માને છે? શા માટે? આ દુઃખ કોણ દૂર કરે છે? શી રીતે? (3)
(4) ઝઘડા ન ઊકેલ ની ક્ષમતા કયા અંગ માં છે? તે કઈ રીતે ઝઘડા નો ઉકેલ લાવે છે? (3)

Question 7

Read the extract given below and answer in Gujrarti, the questions that follow.

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

પરથમ પરણામ મારા, માતાજીને કહેજો રે
માન્યું જેણે મટીને રતનજી;

પરણામ મારા – રામનારાયણ પાઠક 'શેષ'
Parnam Mara – Ramnarayan Pathak 'Shesh'

1) ગાંધીજી ના મહાન કર્યો ને કવિ કઈ રીતે બિરદાવે છે? (2)
(2) જગત એ આપણને શું આપ્યું છે? ભવિષ્ય માં તે કેવો ઉપકાર કરશે? (2)
(3) જીવન માં ભેરુ અને વેરી બંને ભૂમિકા ભજવે છે – કઈ રીતે? (3)
(4) કાવ્ય પંક્તિઓ દ્વારા કવિ કોને કોને પરણામ કરે છે? શા માટે? (3)

સાહિત્ય ગુર્જરી (ટૂંકી વાર્તાઓ)

Sahitya Gurjari (Short Stories)

Question 8

Read the extract given below and answer in Gujrarti, the questions that follow.

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

"જોગીદાસે બહારવટે રઝળતાં એક દિવસ મોતીઆળાના ડુંગરમાં પોતાના બાપ હાદા ખુમાણને શોકના સમાચાર સંભળાવ્યા."

સાદ વરત્યો - ઝવેરચંદ મેઘાણી

Saad Vartyo – Zaverchand Meghani

(1) લેખક નો ટૂંક માં પરિચય આપો. (2)

(2) જોગીદાસ એ પિતા આગળ કયો વિચાર મૂક્યો? પિતા ને શી ચિંતા થઈ? (2)

(3) જોગીદાસ ખરખરે કરવા જાય છે ત્યાં શો અનુભવ થયો? (3)

(4) પાઠ માં કોણે કોણે ખાનદાની નિભાવી? શી રીતે? તે દ્વારા શું શીખ મળે છે? (3)

Question 9

Read the extract given below and answer in Gujrarti, the questions that follow.

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

"ઘરમાં બધે દોડધામ થાઈ રહી. ચારે તરફ તપાસ ચાલી રહી. વૃદ્ધ માજી પણ માંદા – માંદા એ તપાસ માં જોડાયાં."

માજીનો પ્યાલો – ગુલાબદાસ બ્રોકર

Maajino Pyaalo – Gulabdas Broker

(1) પ્યાલા ની ચોરી નું આળ કોના માથે આવ્યું? શા માટે? (2)

(2) માજીના ઘર નું વર્ણન કરો. ઘર માં કેટલા સભ્ય હતા? (2)

(3) ઘરની બારી અડધી ઊઘડી હતી તે પર થી શું નિર્ણય લેવા માં આવ્યું? અંતે પ્યાલો ક્યાંથી કઈ રીતે મળ્યો? (3)

(4) આ વાર્તા દ્વારા તમે શું વિચારો છો? તમારા વિચારો વાર્તા ન આધારે દર્શાવો. (3)

Question 10

Read the extract given below and answer in Gujrarti, the questions that follow.

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

"ત્યાં પણે દૂર એક મોટો દીવો પ્રવાહ મધ્યેથી શેનો ઓલાયો? પાછો બીજો એવો જ દીવો થઈ ઓલાયો."

જમનાનું પૂર – રામનારાયણ વિશ્વનાથ પાઠક 'દ્વિરેફ'

Jamnanu Pur – Ramnarayan Vishvanath Pathak 'Dviref'

(1) સ્ત્રી એ શું મનસૂબો કર્યો હતો? તે માટે મછુઆ એ તેને મદદ કરવાની શા માટે ના પાડી? (2)

(2) સ્ત્રી ક્યાં ચડી? શા માટે? (2)

(3) કાલિન્દી ના ધસમસતા પૂર ઉપર તરતા દીવાઓ નું સૌંદર્ય વર્ણવો. (3)

(4) જમનાનું પૂર પાઠ દ્વારા લેખક આપણને શું સમજાવા માંગે છે? (3)